# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : વિરલ રાણા

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૨૦-૦૭-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

-----------------------------------------------------------------------------------------

## <u>સંસદ-સર્વપક્ષીય બેઠક :</u>

સરકારે સંસદના બજેટ સત્ર પૂર્વે આવતીકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી છે.બેઠક દરમિયાન સરકાર સંસદના બંને ગૃહોનું કામકાજ સુનિશ્ચિત કરવા માટે તમામ રાજકીય પક્ષો પાસેથી સહકાર માંગશે. બજેટ સત્ર સોમવારે શરૂ થશે અને 12 ઓગસ્ટ સુધી ચાલશે.23મી જુલાઈના રોજ કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવશે.નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું આ પહેલું બજેટ હશે.

RNU અમદાવાદ

-----------------------------------------------------------------------------------------

## <u>રાજ્ય-જળાશય સંગ્રહ શક્તિ :</u>

રાજ્યમાં વરસી રહેલા વરસાદના કારણે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં જળસંગ્રહ 55 ટકાને પાર પહોંચ્યો છે. આ ઉપરાંત રાજ્યના કુલ 206 જળાશયમાં કુલ સંગ્રહશક્તિના 37.87 ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે તેમ જળસંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

રાજ્યના 16 જળાશય 100 ટકા ભરાતા હાઈ અલર્ટ અપાયું છે.જેમાં કચ્છના મુન્દ્રા તાલુકાના મધ્યમ સિંચાઈનો કારાઘોઘા ડેમનો સમાવેશ થાય  છે.દરમ્યાન કચ્છ સિંચાઈ વર્તુળના અહેવાલ મુજબ જીલ્લાના માધ્યમ સિંચાઈ ના ૨૦ જળાશય પૈકી ૪ જળાશયોમાં ૪૦ ટકાથી વધુ પાણીનું સ્તર પહોચ્યું.

RNU અમદાવાદ

---

## રાજ્ય-વરસાદ :

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં દેવભૂમિદ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકામાં સૌથી વધુ 15 ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે પોરબંદર તાલુકામાં 10 ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

રાજ્યના સ્ટેટ એમરજન્સી ઑપરેશન સેન્ટરના અહેવાલ મુજબ, રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ 37 ટકાથી વધુ નોંધાયો છે.જેમાં કચ્છ ઝોનમાં મોસમનો કુલ 50 ટકા વરસાદ નોંધાયો છે.

RNU અમદાવાદ

---

## શિક્ષણમંત્રી-બદલી નિયમો :

રાજ્યના શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર દ્વારા ગુરુ પૂર્ણિમા પર HTAT મુખ્ય શિક્ષકો માટે સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે.લાંબા સમયથી બદલી નિયમોની પ્રતિક્ષા કરી રહેલા HTAT મુખ્ય શિક્ષકોના વિશાળ હિતમાં રાજય સરકાર દ્વારા બદલી નિયમો જાહેર કરવામાં આવ્યા છે. જીલ્લામાં આંતરિક બદલી માટે ૩ વર્ષ જયારે જીલ્લા ફેરબદલી માટે ૫ વર્ષની નોકરી માન્ય ગણાશે.

DD ન્યુઝ

---

## ગુરુપૂર્ણિમા :

આવતીકાલે ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વની જિલ્લામાં ઠેર ઠેર ઉજવણી કરવામાં આવશે.આ દિવસે વિવિધ સંસ્થાઓ તેમજ આશ્રમોમાં ગુરુવંદના,પાદુકા પૂજન સહિત અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

**NP-વિરલ રાણા**

---

## જીલ્લા સંકલન સમિતિ બેઠક :

કચ્છ જિલ્લા કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાઇ હતી.આ બેઠકમાં સાંસદ તથા ધારાસભ્યો સહિતના પદાધિકારીઓ દ્વારા વીજળી,પાણી,સિંચાઈ,પશુઓની રસી,આરોગ્ય, શિક્ષણ સહિતના અંગેના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.આ પ્રશ્નો અંગે જરૂરી સમીક્ષા કરી જિલ્લા કલેકટર દ્વારા સંબંધિત વિભાગોને સમય મર્યાદામાં યોગ્ય કાર્યવાહી કરવા તેમજ પ્રજાને પડતી સમસ્યાઓને પણ તાત્કાલિક ધોરણે નિવારવા સૂચના આપવામાં આવી હતી.

**માહિતી ખાતું**

---

## બીએસએફ જવાન-મોત :

કચ્છ સરહદે લખપત તાલુકામાં આવેલા ક્રિક વિસ્તારમાં કાદવમાં ફસાઈ જતાં ૧ જવાન અને ૧ અધિકારીનું મોત થયું છે.પેટ્રોલિંગ સમયે ડીહાઈડ્રેશનની શક્યતાને પગલે આ બે જવાનોના મૃત્યુ થયા હોવાના અહેવાલ છે.

**RNU અમદાવાદ**

-------------------------------------------------------------------------------------

## ભારતીય ટપાલ વિભાગ :

ભારતીય ટપાલ વિભાગે લોકોને પોતાના પ્રિયજનોને સમય પર રાખડી મોકલવા 31 જુલાઈ સુધીમાં રાખડી મોકલવાની સલાહ આપી છે.પોસ્ટ વિભાગે આંતરરાષ્ટ્રીય પોસ્ટની જટિલતાઓને પાર પાડવા તેમજ વિલંબ અને જકાત સંબંધી મર્યાદાઓને ધ્યાનમાં લઇને આ સલાહ આપી છે.વધુમાં વિભાગે પેકેટને યોગ્ય રીતે બંધ કરવા, તેમજ ચોક્કસ કોડ સાથે સાચું સરનામું લખવા ઉપરાંત મોબાઇલ નંબર લખવાની સલાહ આપી છે.સાથે જ પોસ્ટમાં જ્વલનશીલ, તરલ કે બગડી જાય તેવા પદાર્થો નહીં મોકલવાની સૂચના આપી છે.

**RNU અમદાવાદ**

-------------------------------------------------------------------------------------

## પ્રાકૃતિક ખેતી-કુંભારડી :

ભચાઉ તાલુકાના કુંભારડીના રમાબેન વોરા 15 એકરમાં 12 ગાયનાં પાલન સાથે પ્રાકૃતિક કૃષિ થકી ધાન્ય, શાકભાજી તથા બાગાયતી ખેતી કરીને મહિલા ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે.ઝેરમુક્ત ખેતી થકી ગુણવત્તાયુક્ત પાક સાથે પોતાની આવકમાં પણ વધારો કર્યો છે.આ અંગે રમાબેન વોરાએ જણાવ્યું હતું કે, સાત દિવસીય પ્રાકૃતિક કૃષિની શિબિર કર્યા બાદ પ્રાકૃતિક ખેતી કરવાની પ્રેરણા મળી હતી.તેઓએ ખેડૂતોને જાગૃત બની રાજ્યપાલ તથા ગુજરાત સરકાર દ્વારા ચલાવાઇ રહેલી પ્રાકૃતિક ખેતી તરફ જોડાવા માટે અનુરોધ પણ કર્યો હતો.

**NP-વિરલ રાણા**

---

## મન કી બાત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કાર્યક્રમની આગામી આવૃત્તિ માટે મળેલા સૂચનો પર ખુશી વ્યક્ત કરી છે. આ કાર્યક્રમ આ મહિનાની 28મી તારીખે પ્રસારિત થવાનો છે.શ્રી મોદીએ જણાવ્યું હતું કે, તેમને આગામી મન કી બાત કાર્યક્રમ માટે અસંખ્ય સૂચનો મળી રહ્યા છે.શ્રી મોદીએ કહ્યું કે, તેઓ ઘણા યુવાનોને ખાસ કરીને સમાજમાં પરિવર્તન લાવવાના હેતુથી કરાયેલા સામૂહિક પ્રયાસોને ઉજાગર કરતા જોઈને ખુશ છે.પ્રધાનમંત્રીએ લોકોને MyGov, NaMo એપ પર પ્રતિભાવો શેર કરવાનું ચાલુ રાખવા પર તેમનો સંદેશ રેકોર્ડ કરવા વિનંતી કરી છે.

**RNU અમદાવાદ**

---